Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या.....

पक्षिका संख्या.....

पुस्तक पर सर्व प्रकार की टिप्पणियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



શ્રી બાલ સંસ્કારમાલા

સ્ટોક પ્રમાણે કિંમત ૧૯૮૪-૯૦

ગાંધીબાપુ

•

સતીકુમાર

•

ચરિત્રરત્નો

CC 1973
Initial

•

પુસ્તક ૨ જું

એન. એમ. ઠક્કરની કું.
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિંમત આઠ આના

પ્રકાશક :
નંદલાલ મોહનલાલ ઠક્કર
એન. એમ. ઠક્કરની કુંપની
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૨.

મુદ્રક :
છલશંકર ગોવિંદજી શુકલ
મોજમજાહ પ્રીં. પ્રેસ
ખટાઉવાડી, મુંબઇ–૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મહાત્મા ગાંધીજી

હિંદના છેલ્લા ત્રીસ વર્ષનો ઇતિહાસ એટલે વિશ્વવંદ્ય વિભૂતિ પૂ. મહાત્માજીનું જીવન. પહેલા ગત મહાયુદ્ધના સમયમાં આફ્રિકામાંથી વિજય મેળવી તેઓ હિંદમાં આવ્યા. છેલ્લા ત્રીસ વરસ દરમ્યાન તેમના અમોઘ શસ્ત્રો સત્ય અને અહિંસા દ્વારા તેમણે જગતની મહાન સત્તા બ્રિટિશ સામ્રાજ્યને મહાત કરી. ૧૯૪૭ ના ઓગષ્ટ ૧૫ ના એ શુભ દિને બ્રિટિશ સત્તાએ ઉઠાંતરી કરી. હિંદ આઝાદ બન્યું. જે મહાન પુરૂષના ત્યાગ અને તપશ્ચર્યાથી આપણું સ્વપ્ન સિદ્ધ થયું તે મહાપુરૂષની જીવનઝરમર ટૂંકમાં જોઇએ.

ઇ. સ. ૧૮૬૯ તા. ૨ જી ઓક્ટોબરને દિવસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરમચંદ ગાંધીને ત્યાં પોરબંદર મુકામે તેમનો જન્મ થયો. કાઠિયાવાડના ઇતિહાસમાં ગાંધી કુટુંબ જાણીતું છે. તેમના વડવાઓ દેશી રાજ્યોમાં દીવાનગીરી કરતા. દીવાનગીરી પેઢીધર પેઢી ચાલી આવતી હતી. ગાંધીજીના પિતામહ કબા ગાંધીની કાઠિયાવાડના મુત્સદ્દીઓમાં ગણના થાતી.

ઇતિહાસની આ સર્વશ્રેષ્ટ વિભૂતિનું બચપણ સામાન્ય રીતે પસાર થયું.. બાળલગ્નના તે જમાનામાં તેમનું પણ તેર વર્ષની ઉંમરે કસ્તુરબા સાથે ઇ. સ. ૧૮૮૩માં લગ્ન થયું. શાળામાં સામાન્ય વિદ્યાર્થી તરીકે ગણના થતી. સામાન્ય વિદ્યાર્થીની માફક તેઓ પણ નાનપણમાં ભૂલો કરે છે. મોટાભાઇનું વધી ગયેલ દેવું ભરપાઇ કરવા સોનાના કડામાંથી સોનાની કટકી કાપી વેચે છે. 'હિંદુઓ શાકાહારી છે તેથી માયકાંગલા રહે છે અને સશકત માંસાહારી પરદેશીઓ તેમના પર રાજ્ય કરે છે. આખો દેશ માંસાહાર કરે તો અંગ્રેજોને હરાવી શકાય' આવી ભ્રામક દલીલ સાંભળી અહિંસાનો એ પેગંબર માંસાહાર કરવા લલચાય છે.

આ બધી માનવસુલભ નબળાઇ હોવા છતાં તેમનામાં નાનપણથી એક મહાન ગુણ જોવામાં આવે છે— સત્યની અનન્ય નિષ્ટા. ચોરી કરી તેથી હૃદયને ખૂબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખ થાય છે. ચોરીનો એકરાર કરી હૃદયને હળવું કરે છે. સેવાનો મંત્ર તો નાનપણથી તેઓ આરાધે છે. પિતાજીની સેવા કરવી, મોડી રાત સુધી પગચંપી કરી પછી જ સૂવું તે તેમનો હંમેશનો ક્રમ છે. પિતાજીના મૃત્યુ સમયે પોતે પિતાશ્રીની સન્મુખ સેવામાં રત નહોતા તે વાતનું દુઃખ તેમને ખૂબ લાગેલ.

૧૮૮૭–૮૮ અઢાર–ઓગણીશ વર્ષની વયે ગાંધીજી ભાવનગરની શામળદાસ કૉલેજમાં જોડાયા. ત્યાં કશું આવડે નહીં એટલે પહેલી ટર્મ ભરીને જ ઘેર પાછા આવ્યા. કુટુંબના એક મિત્રે કાયદાના અભ્યાસ માટે વિલાયત મોકલવા સૂચવ્યું. માતાને માટે પુત્રવિયોગ અશક્ય હતો. છેવટે માંસ, મદિરા અને સ્ત્રીસંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લે એ શરતે જવાની રજા આપી. ગાંધીજીએ પ્રતિજ્ઞા લીધી. રૂઢિચુસ્ત જ્ઞાતિજનોમાં એમના પરદેશગમનથી ખળભળાટ થયો. ગાંધીજીને જ્ઞાતિબહાર મૂક્યા. આ વિરોધ છતાં ભાઇની મદદથી સને ૧૮૮૮ના સપ્ટેમ્બરની ૪થી તારીખે ગાંધીજી મુંબઇથી લંડન જવા ઊપડયા.

ગાંધીજી વિલાયત આવ્યા. બધું અડવું અડવું લાગે. ઘર સાંભરી આવતું. જમવાનું મારફક આવતું નથી. ખાણામાં ઇંડા તો નહીં હોય ને? માંસ તો નહીં હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવી શંકા થતી. વેઇટિરોને પૂછતા. વારેઘડીએ પુછાતા પ્રશ્નથી વેઇટિરો કંટાળતા. ગાંધીજી પણ કંટાળ્યા. હોટલને તેમણે તિલાંજલી આપી. હાથે રાંધવાનું શરૂ કર્યું. રોજના સવા શિલિંગ પર રહેવા લાગ્યા.

લંડન આવી અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. લંડન મૅટ્રિકયુલેશનની પરીક્ષામાં બેઠા અને પાસ થયા. પછી બાર–ઍટ–લૉ નો અભ્યાસ શરૂ કર્યો. ૧૮૯૧ ની ૧૦ મી જૂને બારિસ્ટર થયા. ૧૨ મી જૂને હિંદ આવવા રવાના થયા. જુલાઇમાં મુંબઇ આવ્યા. મુંબઇ ઊતર્યા ત્યારે થોડા વખત પહેલાં મૃત્યુ પામેલ માતાના દુઃખદ્ સમાચાર મળ્યા.

થોડો વખત રાજકોટ રહ્યા. હાઇકોર્ટનો અનુભવ લેવા મુંબઇ આવ્યા. ત્યાં વકીલાત જમાવવી મુશ્કેલ લાગી. આ અરસામાં દક્ષિણ આફ્રિકામાંની પોરબંદરની એક મેમણ પેઢી અબદુલ્લા એન્ડ કું. તરફથી ત્યાં જવાનું કહેણ આવતાં તે સ્વીકારી લીધું. ૧૮૯૩ ના એપ્રીલમાં ૨૪ વર્ષની ઉમ્મરે ગાંધીજી દક્ષિણ આફ્રિકા ઊપડયા. મેના અંતમાં નાતાલ પહોંચ્યા. અહીં તેમને રંગભેદનો પરિચય થયો. યુરોપિયનોને હિંદીઓ તરફ તોછડાઇથી વર્તતા જોયા. કોર્ટમાં ન્યાયાધીશે એમને પાઘડી ઉતારી નાખવા કહ્યું. તેમણે ના પાડી અને અદાલત છોડી.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગમન પછીના સાતમે કે આઠમે દિવસે પ્રિટોરિયા જવા માટે ડરબન છોડયું. એ જ રાત્રે નાતાલની રાજધાની મેરિત્સબર્ગ પહોંચ્યા. ગોરા ઉતારૂને એક જ હબ્બામાં 'કાળા રંગના માનવી' ને મળેલી બેઠક ન ગમી. ગાંધીજીની ફર્સ્ટ ક્લાસ ટિકિટ હોવા છતાં નીચે ઉતાર્યા. ગાંધીજી વેઇટિંગ રૂમમાં ટાઢે થરથરતા બેસી રહ્યા. બીજી ટ્રેઇનમાં જગ્યા આપી ત્યારે ગયા. સત્યાગ્રહનું પ્રથમ દર્શન આ કહીએ તો જરા યે અતિશયોક્તિ નથી. ગાંધીજીએ જોયું કે સત્ય માટે આગ્રહ રાખવામાં જે કાંઇ સહન કરવું પડે તે સહી લેવાની તૈયારી હોય તો આખરે સત્યનો વિજય જ થાય છે. ટ્રેઇનમાં ચાર્લ્સટાઉન પહોંચ્યા. તે પછીની મુસાફરી સિગરામની કરવાની હતી. સિગરામની બહારની બે બેઠકમાંથી એક પર સિગરામ કંપનીનો ગોરો મુખી બેસતો. થોડા વખત પછી, ગાંધીજીને હાંકનારની પડખે બેસાડીને એ અંદર બેઠો. થોડા વખત પછી એ મુખીને બીડી પીવાની ઇચ્છા થઇ. તેણે ગાંધીજીની બેઠક પર તે બેસવા માંગે છે એમ કહ્યું. ગાંધીજીને પગ રાખવાનાં પાટિયાં પર બેસવા કહ્યું. ગાંધીજીએ આનાકાની કરતાં, તેમના પર તમાચાનો વરસાદ વરસ્યો; અને ગાળો આપી એમને ખેંચવા લાગ્યા. ગાંધીજીએ બેઠકના પાસેના પિત્તળના સળિયા ઝોડની જેમ પકડી રાખ્યા. રાત પડતાં સ્ટેંડરટન પહોંચ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૯૪ માં ગાંધીજીને દક્ષિણ આફ્રિકા લાવનાર પેઢીના કેસનો પંચ દ્વારા અંત આવ્યો. હિંદુસ્તાન પાછા જવાની તૈયારી કરવા ડરબન ગયા. આ અરસામાં તેમની નજર નાતાલની ધારાસભામાં રજૂ થયેલ 'હિંદી મતાધિકાર'ના બીલ પર પડી. આ બીલથી હિંદીઓનો મતાધિકાર લઇ લેવાતો હતો. આ પહેલા ગાંધીજીને હિંદીઓની પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો હતો. આ બીલ જોયા બાદ હિંદીઓ મૂંગે મોંઢે અન્યાય ઉપર અન્યાય, અપમાન ઉપર અપમાન સહી લે તે ગાંધીજીને રૂચ્યું નહિ. તેમણે બીલનો વિરોધ કરવાનો નિર્ણય કર્યો. હિંદ પાછા ફરવાનો વિચાર બંધ રાખ્યો. હિંદીઓના વિરોધને વ્યવસ્થિત કરવા ૧૮૯૪ મે, ૨૨ મીએ 'નાતાલ ઇન્ડિયન કોંગ્રેસ' સ્થાપી. બીલનો વિરોધ થયો. હિંદીઓની સહીઓ લેવાઇ. અરજી દક્ષિણ આફ્રિકાની ધારાસભા પર મોકલી. સંસ્થાન પ્રધાન લોર્ડ રિપન પર તાર ગયો. લોર્ડ રિપને બીલ નામંજૂર કર્યું. હિંદીઓમાં આત્મવિશ્વાસ કેળવાયો.

આમ ગાંધીજીની રાહબારી તળે હિંદીઓ સંગઠીત થયા. અઢી વરસ નાતાલમાં રાજદ્વારી કાર્ય કર્યું. પોતાના કુટુંબને લાવવા છ માસ માટે હિંદ આવ્યા. હિંદ આવી પોતાના દેશજનોને દક્ષિણ આફ્રિકામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદીઓની હાડમારીઓ વિષે 'લીલું ચોપાનિયું' બહાર પાડયું. એનું તારણ, રોઇટરે, ઇંગ્લાંડ મોકલ્યું. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી પર એ સંસ્થાનના શુભને કલંકિત કરવાનો આરોપ મુકાયો. દક્ષિણ આફ્રિકાના યુરોપિયનો છેડાયા. હિંદીઓ પર બીજા કડક કાયદાઓ લાદવા કટિબદ્ધ થયા. ગાંધીજી પર જલ્દી પાછા ફરવાનો તાર આવ્યો. ગાંધીજી પાછા ફર્યા. આગબોટમાંથી હજુ નીચે ઊતરે છે ત્યાં તેમના પર યુરોપિયન છોકરાઓએ કાંકરા, ઈંટોલાં અને સડેલાં ઈંડાનો વરસાદ વરસાવ્યો. એમની પાઘડી ઉડાડી મૂકી, રસ્તામાં માર પડયો. ગાંધીજી બેશુદ્ધ બન્યા. પોલીસ અમલદારની સહાયથી નાસી છૂટયા. સંસ્થાનના મંત્રી જોસેફ ચેમ્બરલેને ગાંધીજી પર હુમલો કરનારા પર કામ ચલાવવા નાતાલ સરકારને જવાબ આપ્યો 'મારે કોઈના પર કામ ચલાવવું નથી. હું હુમલો કરનારાઓને દોષિત ગણતો નથી.' ગાંધીજીના ઔદાર્યથી હુલ્લડખોરો નિંદાયા. હિંદી કોમની પ્રતિષ્ઠા પણ વધી.

આ અરસામાં ગાંધીજીએ પોતાના જીવનમાં ધરમૂળમાં ફેરફાર કરી નાખ્યો. કપડા હાથે ધોવાનું રાખ્યું. અંગ્રેજ હજામે હજામત કરવાની ના પાડી એટલે હજામત હાથે કરવાનું રાખ્યું. ગિરમિટિયાઓના સમાગમમાં આવવા એક નાનકડી હૉસ્પિટલ શરૂ કરી. છેલ્લા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકના જન્મ વખતે દાઈનું કામ પણ કર્યું.

૧૮૯૯–૧૯૦૨માં બોર યુદ્ધ શરૂ થયું. બોઅરો તરફ લાગણી હોવા છતાં બ્રિટિશ રાજ્ય તરફની વફાદારીને કારણે એ યુદ્ધમાં તેઓએ ભાગ લીધો. ઘાયલ થયેલાની માવજત માટે ૧૧૦૦ સેવકોની એક ટુકડી ઊભી કરી.

લડાઇ પત્યા પછી ગાંધીજી હિંદ આવવા વિચારી રહ્યા. 'એક વર્ષની અંદર જો હિંદીઓને આફ્રિકામાં એમની જરૂર જણાય તો એમણે પાછા ફરવું' તે શરતે તેમણે હિંદ જવાની રજા મેળવી. ૧૯૦૧ના આખરે ગાંધીજી હિંદ આવવા નીકળ્યા. ભવ્ય વિદાય સમારંભો થયા. સભાઓ થઇ. માનપત્રો અપાયા. સોનાચાંદી, હીરાની ભેટો મળી. કિંમતી વસ્તુઓનું જાહેરકામમાં ઉપયોગ કરવા માટે એક ટ્રસ્ટ બનાવ્યું.

દક્ષિણ આફ્રિકાની સરકારે ગિરમિટિયા મજૂરો પર ત્રણ પૌંડનો કર નાખ્યો, હિંદુવિધિથી થયેલ લગ્નને ગેરકાયદેસર જાહેર કરતો, હિંદીઓને દક્ષિણ આફ્રિકામાં રહેવાની પરવાના કઢાવવાની ફરજ પાડતો 'ખૂની કાયદો' ધારાસભામાં રજૂ કર્યો. ગાંધીજી પર તાર આવ્યો. 'પાછા આવો.' ૧૯૦૩ ની જાન્યુઆરીની પહેલી તારીખે ગાંધીજી પ્રિટોરિયા પહોંચ્યા. 'ખૂની કાયદા' વિરોધી લડતનું સુકાન સંભાળી લીધું. સત્યાગ્રહના પગરણ મંડાયાં. સત્યાગ્રહી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓની ભરતી કરવા માંડી. પરવાના ઑફિસો સામે પિકેટીંગ ગોઠવ્યું. પરવાના બહિષ્કાર કરવાની પ્રતિજ્ઞાઓ લેવાઇ. સભાઓ ભરવામાં આવી. હિંદીઓ વ્યવસ્થિત થયા. ગાંધીજીની રાહબારી તળે પ્રતિનિધિમંડળ ઇંગ્લાંડ ગયું. ગાંધીજી પાછા ફર્યા. સત્યાગ્રહ શરૂ કર્યો. પરવાના વગર પગપાળા હજારો હિંદીઓ ગાંધીજીની રાહબારી તળે ટ્રાન્સવાલમાં દાખલ થયા. લડત ઉગ્ર બનતી ગઇ. જનરલ સ્મટ્સને આવા શાંત અહિંસક પ્રતિકારનો મુકાબલો કેમ કરવો તેની સૂઝ પડી નહીં. ગાંધીજીની ધરપકડ થઇ. જેલમાં મંત્રણાઓ ચાલી. સમાધાન થયું. એશિયાટીક કાયદો રદ થશે તેવી બાંહેધરી આપી. પરવાના મરજિયાત થયા. કેટલાકને સમાધાન ન રૂચ્યું. ગાંધીજી પર એક પઠાણે હુમલો કર્યો. ગાંધીજી બેશુધ્ધ થયા. ભાન ભૂલેલ તે પઠાણને માફી બક્ષી. પઠાણોની સભા ભરી પરિસ્થિતિ સમજાવી. સમાધાનની શરતનો ભંગ થયો. એશિયાટીક કાયદો રદ ન થયો. ગાંધીજીએ સ્મટ્સને આખરી નામું મોકલ્યું. ફરી પાછો સત્યાગ્રહ શરૂ થયો. ગોખલેજી આફ્રિકા આવ્યા. દિનબંધુ એન્ડ્રુઝ દક્ષિણ આફ્રિકા આવ્યા. વાટાઘાટો ચાલી, સમાધાન થયું. હિંદુસ્તાનમાં જે લગ્ન કાયદેસર ગણાય તેને દક્ષિણ આફ્રિકામાં કાયદેસર ગણતો, ત્રણ પૌંડનો કર રદ કરતો, તથા દક્ષિણ આફ્રિકામાં રહેવાના પ્રમાણપત્ર ધરાવનારના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગૂઠાની છાપને જ યુનિયનમાં પ્રવેશવાના અધિકારની યોગ્ય પુરાવારૂપ ગણતો હિંદી રાહતધારો પ્રસિધ્ધ થયો. સત્યાગ્રહની મહાન લડતનો આમ સફળ અંત આવ્યો.

મહાત્માજીની દક્ષિણ આફ્રિકાની અનેકવિધ પ્રવૃત્તિમાં ખાસ ધ્યાન ખેંચે એવી પ્રવૃત્તિ ફિનિકસ આશ્રમની સ્થાપના. હિંદમાં આવીને તેમણે સાબરમતી આશ્રમ અને સેવાગ્રામ આશ્રમની જે સ્થાપના કરી તેની પૂર્વતૈયારીરૂપ આ ફિનિકસ આશ્રમને ગણીએ.

૧૯૧૫ના જાન્યુઆરીનાં બીજા અઠવાડિયામાં ગાંધીજી હિંદ આવ્યા. ગાંધીજીને ગોખલેજી પ્રત્યે ભક્તિ-ભાવ હતો. ગોખલેજીને તેઓ પોતાના રાજકીય ગુરૂ માનતા. ગોખલેજીની ઇચ્છા એવી હતી કે ગાંધીજી તેમના હિંદ સેવક સમાજના સભ્ય બને. ગાંધીજીની ઉદ્દામ રાજકીય વિચારસરણીના કારણે સેવક સમાજના અન્ય સભ્યોએ વાંધો લીધો. ગોખલેજીએ ગાંધીજીને એક વર્ષ હિંદની પરિસ્થિતિનો અભ્યાસ કરવા સૂચન કર્યું. ત્યાં સુધી રાજકારણમાં પ્રવેશ ન કરવો તેમ જણાવ્યું.

ગાંધીજીએ દેશની રાજકીય પરિસ્થિતિનો અભ્યાસ કરવા દેશભરમાં પર્યટન કર્યું કેટલાક મિત્રો ગાંધીજીને અમદાવાદમાં સ્થાયી બનવાનો આગ્રહ કરતા હતા. ૧૯૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મે ની ૨૫ મીએ શ્રી. જીવણલાલ બૅરિસ્ટરનું અમદાવાદ નજીક કોચરબ મુકામે મકાન ભાડે લઇને પચીસ સ્ત્રીપુરૂષોથી ગાંધીજીએ 'સત્યાગ્રહ આશ્રમ' શરૂ કર્યો. આશ્રમના સભ્યોએ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, સ્વાદેન્દ્રિય પર કાબૂ, ચોરી ન કરવી, અપરિગ્રહ, સ્વદેશી, નિર્ભયતા, અસ્પૃશ્યતા-નિવારણ, માતૃભાષા દ્વારા કેળવણી અને ખાદી, આટલાં વૃતોનું પાલન કરવાનું હતું.

આ અરસામાં તેમણે ગિરમિટિયા મજૂરોનો પ્રશ્ન હાથ ધર્યો. મુંબઇમાં ઇમ્પીરિયલ સીટીઝનશીપ એસોસિયેશનના આશરા તળે સભા ભરાઇ. ગાંધીજીએ ૩૧ જુલાઇ ૧૯૧૭ પહેલા આ પ્રથા રદ કરવા સરકારને અલ્ટીમેટમ આપ્યું. કહેવાની જરૂર નથી કે, સરકાર ગાંધીજીના નિશ્ચય પાછળનું બળ સમજતી હતી. નિશ્ચિત સમય પહેલા પ્રથા બંધ થઇ.

આ અરસામાં ચંપારણ્યના ગળીના વાવેતરવાળાનો પ્રશ્ન ઉગ્ર બનતો હતો. ગળીના વાવેતરના માલિકો ખેડૂતોને ગળીનું વાવેતર કરવા ફરજ પાડતા હતા. તેમના ઉપર જુલ્મની ઝડીઓ વરસતી. આ દરિદ્ર નારાયણ દુઃખીયાના વહારે ધાયા. ૧૦ મી એપ્રીલ ૧૯૧૭ ગાંધીજી પટણા પહોંચ્યા. બાબુ રાજેન્દ્રપ્રસાદને મળ્યા. ચંપારણ્યના ખેડૂતોની હાડમારી જાણી. પરિસ્થિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
જતે નિહાળવા ચંપારણ્ય જવા ઊપડયા. ગાંધીજી ચંપારણ્ય આવે છે તે સમાચાર સાંભળી ગળીના ખેતરના અંગ્રેજ માલિકો ફફડી ઊઠયા. ગાંધીજી ઉપર પ્રતિબંધ મૂકવા સરકાર પર દબાણ થયું. મોતીહારી ડીસ્ટ્રીકટમાં પ્રવેશ કરવાની મનાઇ ફરમાવી. ગાંધીજીએ હુકમનો ભંગ કર્યો. કોર્ટમાં હાજર થયા. ગુનાનો એકરાર કર્યો. સાથોસાથ જણાવ્યું કે ઇશ્વરના કાયદાનો અમલ કરવા જતા માનવીના કાયદાનો ભંગ કરવો પડશે તો તે કરતાં હું અચકાઇશ નહિ.કેસ પાછો ખેંચી લેવાયો. ગળીના વાવેતરના પ્રશ્ન અંગે તપાસ સમિતિ નીમવામાં આવી. ગાંધીજી તેના સભ્ય થયા. ગાંધીજીની બધી ભલામણોનો સ્વીકાર થયો. ચંપારણ્યના ખેડૂતો વર્ષોજૂની યાતનામાંથી ઉગર્યા. ગાંધીજીને દેવ માનવા લાગ્યા.

અમદાવાદમાં કોચરબમાં મરકી ફાટી નીકળી. જુલાઇ ૧૯૧૭ માં ગાંધીજીએ આ સ્થળ છોડયું. સાબરમતીને કાંઠે સેન્ટ્રલ જેલની નજીકમાં સાબરમતી આશ્રમ સ્થાપ્યો. અહીં બેઠા બેઠા તેઓ ગુજરાતના મૃત રાજકરણમાં ચેતન પૂરી રહ્યા હતા.

૧૯૧૭ ના અંતમાં અમદાવાદના મજૂરો અને મિલમાલિકો વચ્ચે મામલો તંગ બનતો હતો. ગાંધીજીએ દરમ્યાનગીરી કરી. પ્રયાસ સફળ થયો નહી. મિલમાલિકોએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તાળાબંધી' જાહેર કરી. ગાંધીજીના નેતૃત્વ તળે મજૂરો હડતાલ પર ઊતર્યા. ગાંધીજીને લાગ્યું કે, મજૂરો ઢીલા પડયા છે. સમાધાન ન થાય તે પહેલાં કામ પર ન ચડવાની પ્રતિજ્ઞા તૂટશે. ગાંધીજીએ ઉપવાસ શરૂ કર્યા. ત્રણ દિવસના ઉપવાસ પછી સમાધાન થયું. પંચ નિમાયું. પંચે ૩૫ ટકા પગારવધારાની ભલામણ કરી. મજૂરોનો વિજય થયો....

ત્યારબાદ ગાંધીજીએ ખેડા સત્યાગ્રહનો પ્રશ્ન હાથ ધર્યો. ખેડામાં દુષ્કાળ પડયો હતો. સરકારે મહેસૂલના ભરણ માટે ફરજ પાડી. ગાંધીજીએ સરદાર વલ્લભભાઇ સાથે મસલત કરી સત્યાગ્રહ કરવા સલાહ આપી. ૨૨ માર્ચ ૧૯૧૮માં સત્યાગ્રહીઓએ પ્રતિજ્ઞા લીધી. લડત સફળ નીવડી. સ્થિતિસંપન્ન પાટીદારો મહેસૂલ ભરી આપે તો ગરીબોનું મહેસૂલ મુલતવી રાખવાની કબૂલાત આપી.

૧૯૧૮ એપ્રીલ મહિનામાં હિંદના હાકેમ ચેમ્સફર્ડે ગાંધીજીને યુદ્ધ પરિષદમાં નોતર્યા. અલીભાઇઓ જેલમાં હતા. તિલક, એની બેસંટને નોતરવામાં ન આવ્યા એટલે ગાંધીજીએ આમંત્રણનો અસ્વીકાર કર્યો. આમ છતાં સામ્રાજ્યને અણીને વખતે મદદ કરવાની પોતાની નૈતિક ફરજ માની. ખેડામાં રંગરૂટની ભરતી માટે ઝુંબેશ શરૂ કરી. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં બહુ ફાવ્યા નહીં. આ દરમ્યાન મરડો થયો. ગાંધીજી આશ્રમમાં પાછા ફર્યા.

યુદ્ધ પૂરું થયું. સરકારને ભીતિ લાગી કે સ્વતંત્રતાની હવા બાંધેલ હિંદી સૈનિકો હિંદ પાછા ફરશે અને પોતાના દેશમાં પ્રવર્તતી ગુલામી જોઇ ફિતુર જગાવશે. એટલે અગમચેતી રૂપે વાણીસ્વાતંત્ર્ય, લેખનસ્વાતંત્ર્ય ઉપર કાપ મૂકતો, તેમજ કેસ ચલાવ્યા વગર કોઇ પણ માણસને કેદમાં પૂરવાનો પોલીસને સત્તા આપતો 'રોલેટ બીલ' પસાર કર્યો. રોલેટ બીલ વાંચીને ગાંધીજી ચોંકી ઊઠયા. તેમણે રોલેટ બીલ અમલમાં આવે તે દિવસે હડતાલ પાડવાનો દેશને આદેશ આપ્યો. સભાઓ ભરી, સરઘસ કાઢી રોલેટ બીલને પડકારવા લોકોને આહવાહન આપ્યું. ઠેર ઠેર સભા, સરઘસ યોજાયાં. કેટલેક સ્થળે પોલીસ સાથે અથડામણ પણ થઇ. પંજાબમાં જનરલ ડાયરે માઝા મૂકી. અમૃતસરમાં જલિયાનવાલા બાગમાં ભરાયેલી સભા પર અમાનુષી ગોળીબાર થયો. હિંદુ, મુસલમાન, શિખનાં લોહીથી ભૂમિ ખરડાઇ. પંજાબમાં 'માર્શલ લૉ' જાહેર થયો. પંજાબમાં નાદિરશાહી અમલ ચાલુ થયો. જાહેરમાં ફટકા મારવાની સજાઓ, નાલેશીભર્યો પેટે ચાલવાનો હુકમ શરૂ થયો. પંજાબને હિંદથી વિખુટા પાડવામાં આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજી પંજાબ જવા અધીરા થયા. સરકારે મનાઇ ફરમાવી. ગાંધીજીની ધરપકડ થઇ. લોકો ઉશ્કેરાયા, નડિયાદમાં રેલના પાટા ઉખેડી નાખવામાં આવ્યા. ગાંધીજીને મુંબઇ લાવ્યા.

ગાંધીજીએ લોકોને શાંતિ જાળવવા અનુરોધ કર્યો. સરકારે પ્રજાના ઉહાપોહને કારણે જલિયાનવાળી કતલ અંગે તપાસ કરવા 'હંટર કમિટી' નીમી. કોંગ્રેસે પણ કમિટી નીમી. ગાંધીજી, મોતીલાલ નેહરૂ, ચિત્તરંજનદાસ, અબ્બાસ તૈયબજી, માલવિયાજી પંજાબ પહોંચી ગયા. ગામડાની વિસ્તૃત તપાસમાં ૨૦૦૦ જેટલા સાક્ષી તપાસ્યા. ૧૯૨૦ ના ફેબ્રુઆરીના અંત ભાગમાં અહેવાલ તૈયાર કર્યો. એ અહેવાલની એકપણ વાત ખોટી ન ઠરી.

આ અરસામાં ખિલાફતનો પ્રશ્ન ઉગ્ર બનતો હતો. ગયા યુધ્ધમાં તુર્કી જર્મની સાથે હતું. હિંદના મુસ્લિમોએ તુર્કીની પ્રાદેશિક અખંડિતતા જાળવવામાં આવશે તેવી ખાત્રી મળતાં યુદ્ધમાં અંગ્રેજોને મદદ આપી હતી. યુધ્ધ બાદ તુર્કીના કેટલાક પ્રદેશો મિત્ર રાજ્યોએ પડાવી લીધા. ખિલાફત રદ થયું. ગાંધીજીએ ખિલાફતના પ્રશ્નમાં રસ લેવા માંડયો. સંકટમાં આવી પડેલ પોતાના બંધુને સહાય કરવાની ફરજ સમજ્યા.

આ જ અરસામાં સરકારે ૧૯૧૯ મોંટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા બહાર પાડયા. સુધારા અસંતોષકારક હતા. હિંદની 'હોમરૂલ'ની માંગણીની હાંસી કરવામાં આવી હતી.

જલિયાનવાલા કતલ, ખિલાફત અને અસંતોષકારક સુધારાના કારણે હિંદમાં અસંતોષ વધતો જતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. ગાંધીજીએ દેશને આ સમયે દોરવણી આપી. અહિંસક અસહકારનો પ્રોગ્રામ તેમણે દેશ સમક્ષ મૂક્યો. ૧૯૨૦ ઓગસ્ટ તારીખ ૧ના અસહકારની લડતના પગરણ મંડાયાં. દેશભરમાં અસહકારનો વંટોળ ફુંકાયો. ધારાસભા બહિષ્કાર, અદાલત બહિષ્કાર, શાળા–મહાશાળાનો બહિષ્કાર, પરદેશી કાપડની હોળી, સરકારી ખિતાબો છોડી દેવા, સભા, સરઘસ, પીકેટીંગ, જેલગમન, લાઠીચાર્જ વિ. રોજિંદો કાર્યક્રમ થઇ ગયો. ૨૦૦૦૦ સૈનિકો જેલમાં સિધાવ્યા. લોકોનો ઉત્સાહ માતો નહોતો. ગાંધીજી લોકોને આ ચમત્કારિક શસ્ત્ર સમજાવી રહ્યા હતા.

તા. ૫મી ફેબ્રુઆરીએ યુકત પ્રાંતમાં ચૌરીચૌરા મુકામે ૨૧ પોલીસો અને એક સબઇન્સ્પેકટરને જીવતા બાળી મૂકવામાં આવ્યા. ગાંધીજીને લાગ્યું લોકો અહિંસા પચાવી શકયા નથી. હિંસાનું તાંડવ વધતું જાય છે. અહિંસાના એ પેગંબરે 'રૂક જાવ'નો હુકમ આપ્યો. દેશમાં નિષ્ક્રીયતાનું મોજું ફરી વળ્યું. ગાંધીજીના આ પગલાંનાં શાણપણ વિરૂદ્ધ ટીકા પણ થઈ. સરકારને લાગ્યું કે ગાંધીજીની લોકપ્રિયતાનાં પુર ઓસરવા માંડયાં છે. ગાંધીજીની ધરપકડ થઇ. ૧૦મી માર્ચ ૧૯૨૩ના ૬ વર્ષની સજા થઇ. ગાંધીજીની ધરપકડ બાદ હિંદના રાજકારણમાં ઓટ આવી. લોકો દિશાશૂન્ય બન્યા. કોંગ્રેસમાં પણ ભંગાણ પડયું. મોતીલાલ નહેરૂ અને ચિત્તરંજનદાસ વિ.ને નિષ્ક્રીયતા સાલી. ધારાસભામાં જઇને સરકારને લડત આપવાનો તેમણે પ્રોગ્રામ દેશ સમક્ષ

 ]CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રજૂ કર્યો. 'સ્વરાજ્ય પક્ષ'ની સ્થાપના થઇ. શ્રી. રાજ ગોપાલાચારી વિ.ને લાગ્યું કે ધારાસભાપ્રવેશની હિમાયત કરવાવાળા મહાત્માજીને છેહ દઇ રહ્યા છે. તેમનો પક્ષ 'નાફેરવાદી' કહેવાયો. કોંગ્રેસમાં ભાગલા પડશે તેમ લાગ્યું. ૧૯૦૭ની સુરત કોંગ્રેસનું પુનરાવર્તન થશે એમ લાગ્યું.

જેલમાં ગાંધીજીની તબિયત લથડી. જાન્યુ. ૧૨, ૧૯૨૪ ગાંધીજીને એપેન્ડીસાઇટીસનું દરદ ઉપડયું. કર્નલ મેડોકે શસ્ત્રક્રિયા કરી. ફેબ્રુઆરી ૫ મીએ ગાંધીજીને બિન-શરતે છોડી મૂકવામાં આવ્યા. સ્વરાજીસ્ટો ગાંધીજીના આશીર્વાદ લેવા પહોંચ્યા. તેમના પ્રોગ્રામમાં ગાંધીજીને શ્રદ્ધા નહોતી. આમ છતાં તેમણે સ્વરાજીસ્ટોને તેમનું કાર્ય ચાલુ રાખવા કહ્યું. નાફેરવાદીઓને રચનાત્મક કાર્ય તરફ ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું. સ્વરાજીસ્ટોના માર્ગમાં વિઘ્ન નહીં નાંખવા ખાત્રી આપી. આમ કોંગ્રેસમાં ભંગાણ પડતું અટકયું.

૧૯૨૦–૨૧ અસહકારમાં લોકોએ અજબ ઉત્સાહ દેખાડયો. બસો વર્ષની નિંદ્રામાંની દેશ જાગ્યો. તેની નબ-ળાઇ ખંખેરવા કટિબધ્ધ થયો. રાષ્ટ્રવાદનાં પુર ઉભરાયાં. આમ છતાં ચૌરીચોરાના બનાવે ગાંધીજીને ખાત્રી થઇ કે લોકોને અહિંસાની કેળવણીની જરૂર છે. તેમણે લોકોને અહિંસાના પાઠો શીખવવા માંડયા. ખાદી ઉપર ભાર મૂક્યો. ચરખા સંઘની સ્થાપના થઇ. મદ્યનિષેધ, ગ્રામ ઉન્નતિ, અસ્પૃશ્યતા નિવારણ, નિરક્ષરતા નિવારણ, કોમી એખલાસ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીન દલિત પીડિતની સેવા વિગેરે કાર્યક્રમ ઉપર ભાર મૂક્યો. ગાંધીજી બીજી મહાન લડત માટે તૈયારી કરી રહ્યા હતા.

૧૯૧૯ના ધારામાં એક કલમ હતી. દર દસ વર્ષે હિંદના બંધારણનો અમલ જોવા એક શાહી કમિશન નિમવામાં આવશે. અને તે કમિશન નવા સુધારા કેવા આપવા તે માટે ભલામણ કરશે. ફેબ્રુઆરી ૩, ૧૯૨૮ સાઇમન કમિશન આવ્યું. તેમાં એક પણ હિંદી નહોતો. હિંદની ઠઠ્ઠા કરતા હોય તેમ ભાસ્યું. ગાંધીજીની સલાહ અનુસાર કોંગ્રેસે સાઇમન કમિશનનો બહિષ્કાર પોકાર્યો. સાઇમન કમિશને જ્યાં જ્યાં પગ મૂક્યો ત્યાં કાળા વાવટાથી સ્વાગત, હળતાલો, 'સાઇમન પાછો જા' વિગેરે સૂત્રોથી સાઇમન કમિશનનું સ્વાગત કરાયું. ઠેરઠેર લાઠીચાર્જ થયો. લાલા લજપતરાય, પંડિત જવાહરલાલ નહેરૂ જેવા ઉપર લાઠીચાર્જ થયો. લાઠીના ફટકાથી લાલા લજપતરાયનું અવસાન થયું.

સરકાર મહાસભાના બળનું માપ કાઢવા માંગતી હતી. બારડોલી તાલુકાનું વિનાકારણ મહેસૂલ વધાર્યું. ગાંધીજીના આશીર્વાદ લઇને સરદાર વલ્લભભાઇ પટેલે સત્યાગ્રહ શરૂ કર્યો. બારડોલીના ખેડૂતોની મક્કમતા પાસે સરકારને નમવું પડયું.

૧૯૨૮ કલકત્તા કોંગ્રેસ આવી. પંડિત મોતીલાલ નહેરૂ પ્રમુખ હતા. વસાહતી સ્વરાજ્યના ધોરણ પર રચાયેલ નહેરૂ રિપોર્ટ મહાસભાની મહોર માટે આવ્યો. પંડિત જવાહરલાલ નહેરૂ, સુભાષચંદ્ર બોઝે સંપૂર્ણ સ્વતંત્રતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિમાયત કરતો સુધારો પેશ કર્યો. નરમ અને ગરમ દળ વચ્ચે કૉંગ્રેસ ભાંગી પડશે તેમ લાગ્યું. ગાંધીજી આવ્યા. સમાધાન સૂચવ્યું. એક વર્ષમાં સરકાર વસાહતી સ્વરાજ્ય ન આપે તો કૉંગ્રેસ તેનું ધ્યેય સંપૂર્ણ સ્વાતંત્ર્ય રાખશે. વર્ષ દરમ્યાન વાટોઘાટો ચાલી. પરિણામ શૂન્ય આવ્યું.

૧૯૨૯ લાહોર મુકામે કૉંગ્રેસ ભરાઇ. પંડિત જવાહરલાલ નહેરૂ અધ્યક્ષપદે હતા. ડીસેમ્બર ૩૧ રાત્રે બાર વાગ્યે રાવીતટે તેમણે આઝાદીનો ધ્વજ રોપ્યો. 'સ્વાતંત્ર્ય અમારી મક્સદ છે' ઘોષણા કરી. ગાંધીજીને સ્વાતંત્રસિદ્ધિ માટે લડત ચલાવવાની સર્વ સત્તા આપતો ઠરાવ પસાર થયો. દેશના રાજકીય વાતાવરણમાં ગરમી આવી. સરકાર અને મહાસભા વચ્ચે અથડામણ અનિવાર્ય બનતી જતી હતી. સરકાર કીડી વેગે જવા માંગતી હતી. મહાસભા ફાળ ભરતી જતી હતી. જાન્યુ. ૨૬ 'સ્વાતંત્ર્યદિન' જાહેર થયો. પ્રતિજ્ઞાઓ લેવાઇ. લોકો લડત માટે તૈયાર થયા.

ગાંધીજીએ દેશની નાડી તપાસી લીધી. સરકાર પાસે અગિયાર મુદ્દા રજૂ કર્યા. સવિનયભંગ માટે લોકોને તૈયાર થવા આહ્વાહન અપાયું. સરકાર તરફથી કાંઇ પ્રત્યુત્તર ન મળ્યો. ગોળ ગોળ શાબ્દિક નિવેદન સરકારી ગૃહેથી બહાર પડયું. ગાંધીજીએ ઇરવીનને આખરીનામું મોકલ્યું. જવાબમાં ઇરવીને ખેદ જાહેર કર્યો. ગાંધીજીએ લખ્યું 'ઘૂંટણીયે પડીને મેં રોટી માગી અને તેને બદલે મને

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્થર મળ્યો.' માર્ચ ૧૨, ૧૯૩૦, ના દિવસે ૭૯ આશ્રમવાસી સ્વયંસેવકો સાથે ઐતિહાસિક દાંડીકૂચ શરૂ કરી. ૨૦૦ માઇલની કૂચ પછી આ ટુકડી દરિયાકાંઠે દાંડી આવી પહોંચી. એપ્રીલની ૬ઠ્ઠી સવારે સાડા આઠ વાગ્યે દરિયાકિનારેથી મીઠું ઉંચકીને ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કર્યો. લોકોને મીઠાનો કાયદો તોડવા આદેશ આપ્યો. લડતનાં પગરણ મંડાયાં. મુઠ્ઠી હાડકાંના આ નાના માનવીએ લાકડી પણ ઉપાડયા વગર માત્ર આધ્યાત્મિક બળ પર શ્રદ્ધા રાખીને જગતના મહાનમાં મહાન સામ્રાજ્ય સાથે બાથ ભીડી.

લોકોએ પોતાના નેતાનો આદેશ માથે ચઢાવ્યો. સારાયે હિંદમાં એક છેડાથી બીજા છેડા સુધી સરકાર સામે યુદ્ધ ખેલાયું. પીકિટીંગ, સભા, સરઘસ, પરદેશી કાપડની હોળી, લાઠીમાર, ગોળીબાર, ધરપકડ રોજિંદુ બન્યું. સરકારે દમનનાં ચક્રો ગતિમાન કર્યાં. લોકોનો જવાબ સામો તેવો જ હતો. ગાંધીજીએ ધારાસણાના અગરના કારખાના પર ધાડ પાડવાનો નિર્ણય કર્યો. ગાંધીજીની કરાડી ગામે ધરપકડ થઇ. લોકોએ બમણા જોરથી લડત જાળવી રાખી. સરકારને સમાધાન કરવાની ફરજ પડી. ગાંધી–ઇરવીન તહનામું થયું.

કોંગ્રેસના એક માત્ર પ્રતિનિધિ તરીકે ગાંધીજી બીજી ગોળમેજી પરિષદમાં ગયા. બ્રિટિશ સરકારને એમ લાગેલ કે સાઇમન કમિશનની ભલામણ પર રચાયેલું બંધારણ હિંદને સ્વીકાર્ય નહીં હોય. તેથી તેણે ગોળમેજી પરિષદ બોલાવેલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલી ગોળમેજી પરિષદનો મહાસભા લડતમાં હોવાથી બહિષ્કાર કરેલ. ગોળમેજી પરદેશીમાં ગાંધીજીએ હિંદનો કેસ સબળ રીતે રજૂ કર્યો. પણ હિંદના જ કમભાગ્યે હિંદના કપુત પુત્રો કટ્ટર કોમવાદીઓએ મહાત્માજીને પરેશાન કરી મૂકયા. કોમી પ્રશ્ન જ રજૂ કરી હિંદનો મૂળભૂત પ્રશ્ન—આઝાદીને એક બાજુ હડસેલાયો. પ્રત્યાઘાતી બ્રિટિશ રાજ્ય દ્વારા નેતાઓને આટલું જ જોઇતું હતું. ગાંધીજી ખાલી હાથે હિંદ પાછા આવ્યા.

હિંદમાં આ સમય દરમ્યાન પરિવર્તન થયું હતું. ઇરવીનની જગ્યાએ લોર્ખંડી વાઇસરોય વિલિંગ્ડન આવ્યો હતો. તેણે કોંગ્રેસને કચડી નાખવા કમર કસી. ગાંધી–ઇરવીન તહનામું હિંદની પોલાદી શાહી સરકારને રૂચતું નહોતું. તેમણે તહકુબીનો ભંગ કર્યો. મહાસભાના નેતાઓને કારાવાસમાં ધકેલવામાં આવ્યા. ગાંધીજી હિંદ આવ્યા. સરહદ પ્રાંતમાં, બંગાલમાં ઓર્ડીનન્સ રાજય ચાલતું હતું. યુ.પી.માં દમન પૂરજોશમાં હતું. ગાંધીજીએ વાઇસરોય પાસે મુલાકાત માંગી. મુલાકાત એક યા બીજા કારણે ના મળી. સત્યાગ્રહ શરૂ થયો. સરકારે પણ પહેલેથી જ કડક પગલાં ભર્યાં. દોઢેક વર્ષના દમનથી પ્રજા કંટાળી ગઇ. કોંગ્રેસ મહાત થઇ છે તેમ ઉપરથી લાગતું હતું.

ત્યાં બહાર પડયો–કોમી ચુકાદો–અસ્પૃશ્યોને વિભકત મતાધિકાર આપવામાં આવેલ. બીજી ગોળમેજીમાં જ ગાંધી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીને આની ગંધ આવેલ. ત્યાં જ ગાંધીજીએ ચેતવણી આપેલ. હરિજનોને હિંદુ કોમમાંથી વિભક્ત પાડવાના કોઈ પ્રયાસનો પોતે સામનો કરશે. 'I will hang myself in the scales of justice' આ શબ્દો ગાંધીજી ગોળમેજી પરિષદમાં બોલેલા. ગાંધીજી યરવડા જેલમાં હતા. કોમી ચુકાદો વાંચ્યો. તેમણે આમરણાંત ઉપવાસ શરૂ કર્યો. દેશ ખળભળી ઊઠ્યો. સમાધાન થયું. હરિજનોને તેમની સંખ્યાબળ કરતાં વધારે બેઠકો મળી. પણ વિભક્ત મતાધિકાર દૂર થયો. ત્યાર બાદ ગાંધીજીએ હરિજન પ્રશ્ન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તબિયત બગડતાં જેલમુક્ત થયા. જેલમાંથી છૂટી હરિજન પ્રવૃત્તિ શરૂ કરી. હરિજનોને કચડવાના હિંદુ ધર્મના પાપના પ્રાયશ્ચિત્ત રૂપે ૨૧ દિવસના ઉપવાસ કર્યા. હરિજનપ્રવૃત્તિ માટે દેશભરમાં ઘૂમ્યા. હરિજનોને થતો અન્યાય દૂર કરવા હિંદુ સમાજને વિનવણી કરી. અસ્પૃશ્યતા હિંદુ ધર્મનું કલંક છે એમ જાહેર કર્યું. અસ્પૃશ્યો તરીકે માનવી જેવું વર્તન રાખવા લોકોને વિનવ્યા. મહાત્માજીના આ ભગીરથ પ્રયાસની સારી અસર થઈ. હિંદુ સમાજ જાગ્રત થયો. સદીઓથી હરિજનો પર થતો જુલ્મ બંધ કરવા ઠેરઠેર પ્રવૃત્તિ શરૂ થઇ. હરિજનોમાં પણ જાગૃતિ આવી.

૧૯૩૪માં ગાંધીજી ઔપચારિક રીતે કોંગ્રેસમાંથી છૂટા થયા. કોંગ્રેસના માર્ગદર્શક બન્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૩૭ એપ્રીલ તારીખ ૧ નાં ૧૯૩૫ ના નવા બંધારણ પ્રમાણે પ્રાંતિક ધારાસભા ચૂંટણી થઇ. કોંગ્રેસે ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું. પંડિત જવાહરલાલ નહેરૂ દેશભરમાં ઘૂમી વળ્યા. સરદાર વલ્લભભાઇ પટેલ તેમજ અન્ય નેતાઓએ કોંગ્રેસના ઉમેદવારોને મત આપી સ્વતંત્રતા માટે લડતી એક માત્ર સંસ્થા મહાસભા પ્રત્યે પોતાની વફાદારી પ્રદર્શિત કરવા આદેશ આપ્યો. મુંબઇ, મદ્રાસ, સંયુક્ત પ્રાંત, મધ્યપ્રાંત બિરાર, બિહાર, ઓરિસ્સામાં કોંગ્રેસને ચોકખી બહુમતી મળી. આ પ્રાંતના હાકેમોએ કોંગ્રેસના પક્ષના નેતાઓને પ્રધાનમંડળ રચવા વિજ્ઞપ્તિ કરી. ગવર્નરો અનામત સત્તાનો ઉપયોગ કરવાની ખાત્રી ન આપે ત્યાં સુધી કોંગ્રેસ પક્ષે પ્રધાનમંડળ રચવાની ના કહી. બંધારણના આરંભ સાથે જ બંધારણ ભાંગી પડશે તેમ સ્પષ્ટ જણાતું હતું. સરકારે તમાચો મારી ગાલ લાલ રાખ્યો. પૂતળા પ્રધાનમંડળ રચાયા. સરકારે વાટાઘાટો શરૂ કરી. ગાંધીજી મધ્યસ્થ થયા. વડા હાકિમ લીન્લીથગોને મળ્યા. 'સદ્‌ગૃહસ્થોનો કરાર' થયો. રોજિંદા રાજ્યવહિવટમાં ગવર્નરો દરમ્યાનગીરી નહીં કરે તેવું મૌખિક વચન આપવામાં આવ્યું. છ પ્રાંતમાં કોંગ્રેસ પ્રધાનમંડળો રચાયાં. પાછળથી સરહદ પ્રાંતમાં કોંગ્રેસ સંયુકત પ્રધાનમંડળ રચાયું. આમ અગિયાર પ્રાંતમાંથી સાત પ્રાંતમાં કોંગ્રેસે સત્તાનાં સૂત્રો કબજે કર્યા. પાછળથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસામમાં પણ કૉંગ્રેસ પ્રધાનમંડળ રચાયું. કૉંગ્રેસ પ્રધાનમંડળને મહાત્માજીનું માર્ગદર્શન મળતું. કૉંગ્રેસનો રચનાત્મક કાર્યક્રમ, મદ્યનિષેધ, નિરક્ષરતા નિવારણ, અસ્પૃશ્યતા નિવારણ, ગ્રામ્યોદ્ધાર, ગ્રામ્યઉદ્યોગોને ઉત્તેજન વિગેરેને અમલમાં મૂકવા તેઓ મહાસભા પ્રધાનમંડળને સૂચવી રહ્યા હતા.

મહાસભા પ્રધાનમંડળ રચાતાં દેશી રાજ્યમાં જાગ્રતિ આવી. પોતાના પડોશી બ્રિટિશ હિંદના પ્રજા જેવું સ્વશાસન માટે લડતની તૈયારી ચાલી. જયપુર, માધોર, ત્રાવણકોર, નિઝામ હૈદ્રાબાદ, કોચીન વિગેરે રાજ્યોમાં સત્યાગ્રહ થયો. ગાંધીજી માર્ગદર્શન આપી રહ્યા હતા. ૨૬૨ આપખુદ રાજારજવાડાઓથી બદબદતા કાઠિયાવાડમાં પણ નવું ચેતન આવ્યું. રાજકોટમાં સરદાર વલ્લભભાઇના નેતૃત્વ તળે સત્યાગ્રહ થયો. રાજકોટનરેશે દમન નિષ્ફળ નીવડયા પછી સરદારને આમંત્રી જવાબદાર રાજ્યતંત્ર આપવા કબૂલ્યું. રાજકોટના રેસીડેન્ટ ગીલ્સનને આ ન રૂચ્યું. તેની જકોઠી સામે કૉંગ્રેસ સત્તા ઉપર આવે તે તેને મરવા બરાબર લાગ્યું. રાજકોટનરેશે સમાધાન તોડયું. ફરી સત્યાગ્રહ શરૂ થયો. ગાંધીજી આ બધું જોઇ રહ્યા હતા. સરદાર સાહેબ પાસેથી રોજ માહિતી મેળવી રહ્યા હતા. રાજા ઊઠી પ્રજાનો આપેલો કોલ તોડે અને તે પણ લાખાજીરાજનો છોકરો ત્યારે ધરતી રસાતાલ જાય. પહેલા પૂ. કસ્તુરબા ધરતીનો સાદ સુણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા. પછી ઊપડયા ખુદ બાપુ. રાજકોટનરેશને કહ્યું.—'લાખાજીરાજનો પુત્ર એટલે મારો પુત્ર. તારા વચનભંગના પ્રાયશ્ચિત રૂપે હું આમરણાંત ઉપવાસ કરું છું.' દેશ કટોકટીમાંથી પસાર થતો હતો. મહાત્માજીની ઇચ્છા વિરૂદ્ધ સુભાષબાબુ બીજી વખત મહાસભાના પ્રમુખપદે ચુંટાયા હતા. ત્રિપુરીમાં મહાસભામાં ભંગાણ પડશે તેમ લાગતું હતું. ગાંધીજીની ત્યાં હાજરીની જરૂર હતી. ત્યાં દેશે મહાત્માજીના ઉપવાસના સમાચાર સાંભળ્યા. દેશે સખ્ત આંચકો અનુભવ્યો. વાઇસરોય ઉદેપુરથી દિલ્હી આવ્યો. ગીબ્સનને તાર કર્યો. 'મહાત્માજીની જિંદગી પર રમત રમનારાઓને ચેતવણી આપો. જેને અંગે મતભેદ છે તેનો અર્થ ફેડરલ કૉર્ટના વડા મોરીશ ગ્વાયર કરશે.' મહાત્માજીએ ઉપવાસ છોડયા. થોડા વખત બાદ ગ્વાયર ચુકાદો બહાર પડયો. સરદાર વલ્લભભાઇએ કરેલો અર્થ માન્ય થયો—ગાંધીજી રાજકોટ આવ્યા. મુસ્લિમો, ભાયાતોએ તોફાન કર્યું. મહાત્માજી પર પથરા ફેંકાયા. મહાત્માજીની આંખ ખૂલી. 'મારા કાઠિયાવાડમાં શું હિંદુ—મુસ્લિમ ટંટો ફેલાશે? આ પાપ ન જોઇએ.' ગ્વાયર ચુકાદો ફગાવી દીધો—લોકોને શાંત રહેવા, સહન કરવા સલાહ આપી.

૧૯૩૯ સપ્ટે તારીખ ૧ લીએ યુરોપનું મહાયુદ્ધ ફાટી નીકળ્યું. બ્રિટને હિટલરના જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું. હિંદના તે વખતના વાઇસરોય લોર્ડ લીનલીથગોએ હિંદની પ્રજાને પૂછયા વગર હિંદને યે યુરોપી જંગમાં જોડી દીધું. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપમાન સામે કૉંગ્રેસે વિરોધ ઉઠાવ્યો. બ્રિટિશ સરકારને તેનો યુદ્ધહેતુ જાહેર કરવા આહ્વાહન આપ્યું. યુદ્ધ બાદ હિંદને સ્વરાજ્ય આપવા માંગો છો કે નહિ? અને જો આપવા માંગતા હો તો તેની સચ્ચાઇના પુરાવા રૂપે 'રાષ્ટ્રીય સરકારની' રચના કરો. સરકારે ગોળ ગોળ વાતો કરી. યુદ્ધ બાદ હિંદીઓ એકમત થશે તો વસાહતી સ્વરાજ્ય મળશે. અને તેમાં પણ લઘુમતી અને રાજાઓના હક્કનો સમાવેશ થશે. રાષ્ટ્રીય સરકારની રચના શકય નથી. હિંદના રાજકીય પક્ષો પોતાના પ્રતિનિધિઓ ગવર્નર જનરલની વિસ્તૃત કારોબારીમાં મોકલી શકે છે. પણ હિંદીને સરંક્ષણ, ગૃહખાતું, નાણાખાતું, પરદેશખાતું સુપ્રત થશે નહીં.

દેશમાં સરકારના આવા જવાબથી રોષ પ્રગટયો. ગાંધીજીએ સરકાર વિમાસણમાં ન મુકાય, સાથોસાથ સરકારની નીતિ સામે વિરોધ પ્રદર્શિત થાય તેમ વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કર્યો. હિંદના ચુનંદા ૩૦૦૦૦ નેતાઓ જેલના સળિયા પાછળ પુરાયા.

૧૯૪૦–૪૧ લશ્કરી નજરે બ્રિટનની હાલત કફોડી હતી. હિટલર સુએઝ નહેર કે રશિયાના બાકુના પ્રદેશથી હિંદ પર ધસી આવે તેવો ભય ઊભો થયો. જાપાને યુદ્ધ જાહેર કર્યા પછી તેમ જ જાપાનની ઝડપી પ્રગતિથી હિંદ કોઇ પળે યુદ્ધક્ષેત્ર બને તેવી સંભવિતતા ઊભી થઇ. બ્રિટિશ સરકારે દુનિયાને છેતરવા ક્રિપ્સને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકલ્યા. રાજસ્થાન, પાકિસ્તાન વિ.ની શક્યતાવાળી ભાવિ યોજના લઇ ક્રિપ્સ આવ્યા. વચગાળાના સમય દરમ્યાન સત્તાની ફેરબદલીના મુદ્દા પર વાટાઘાટો પડી ભાંગી. બ્રિટિશ સરકાર આ અણીના સમયે પણ સત્તા છોડવા માંગતી નથી તેમ સ્પષ્ટ માલૂમ પડયું.

ગાંધીજી ખૂબ નિરાશ થયા. ક્રિપ્સ જેવો માણસ જ્યારે શાહીવાદી માનસ દેખાડે ત્યારે બ્રિટિશરો પાસેથી હિંદે કોઇ આશા રાખવી વ્યર્થ છે. તેમણે 'હટો હિંદમાથી' તેવો આદેશ બ્રિટિશરોને આપ્યો. ૧૯૪૨ ઓગસ્ટ તારીખ ૮ મીએ 'હટો હિંદમાંથી' ઠરાવ પસાર થયો. ઓગસ્ટ ૯ મળસ્કે સરકારે મહાત્મા ગાંધીજી, કોંગ્રેસ કારોબારીના તમામ નેતાઓ અને આગેવાન કોંગ્રેસ કાર્યકરોને પકડી જેલમાં ધકેલી દીધા. એ પછી હિંદ-ભરમાં પ્રજા ઉશ્કેરાઇ ગઈ. સત્તાવાળાઓએ લોકો પર ઘોર દમન આદર્યું. ઓગસ્ટ તા. ૧૫ મીએ આગાખાન મહેલમાં ૨૫ વર્ષથી મહાત્માજીના એકનિષ્ટ સેવાભાવી સેક્રેટરી મહાદેવ દેસાઇનું અવસાન થયું. સ્થિત–પ્રજ્ઞ મહાત્માએ આ કારી ઘા સહી લીધો. લોકો પર જે દમન થાતું હતું તેથી મહાત્માજીને ખૂબ દુઃખ થયું. સરકારી દમનના વિરોધરૂપે ૨૧ દિવસના ઉપવાસ શરૂ કર્યા. ચર્ચિલની સરકાર મક્કમ રહી. પત્થર પર પાણી. ગાંધીજી અગ્નિપરીક્ષામાંથી સાંગોપાંગ પાર ઊતર્યા. ફરી એક વખત ઇશ્વરના દરબારમાં સત્યનો વિજય થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેલમાં પૂ. કસ્તુરબાની તબિયત લથડી. લાંબી માંદગી ભોગવી શિવરાત્રીને દિવસે તેઓ પ્રભુશરણ થયાં.

ત્યારબાદ જેલમાં મહાત્માજીની તબિયત લથડી. જેલ-મુક્તિ મળી. સ્વાસ્થ્ય સુધર્યું. મહાસભા મુલ્કી વહિવટમાં સંપૂર્ણ રાષ્ટ્રીય સરકારથી સંતુષ્ટ પામશે તેમ જણાવી વેવલ સાથે વાટાઘાટો કરી, રાજ ગોપાલાચારી ફોર્મ્યુલાના આધાર પર પાકિસ્તાન–પ્રશ્નનો નિવેડો લાવવા ઝીણા સાથે મંત્રણા કરી. બંને વાટાઘાટોનું પરિણામ શૂન્યમાં આવ્યું.

૧૯૪૫ની શરૂઆતમાં યુરોપમાં યુદ્ધનો અંત આવ્યો. ઇંગ્લાંડમાં ચંટણી થઇ. મજૂર પક્ષ સત્તા પર આવ્યો. આ બાજુ હિંદમાં સુભાષબાબુએ રચેલ આઝાદ હિંદ ફૌજની આઝાદ હિંદ સરકારની યશગાથા ગવાતી હતી. લશ્કરમાં બેદિલી ફેલાઇ હતી. જો ફરી વખત લડાય તો હિંદી લશ્કર અંગ્રેજ સરકારને પડખે નહીં ઊભું રહે એમ બ્રિટિશ સરકારને લાગ્યું. બ્રિટિશ સરકાર સમય વર્તી ગઇ. કેબિનેટ મિશન હિંદ આવ્યું. મે ૧૬ નાં ૧૯૪૬માં શ્વેતપત્ર બહાર પડયું. કોંગ્રેસ તરફથી સ્વીકાર, લીગ તરફથી સ્વીકાર, ગ્રુપીંગ ફરજિયાત કે મરજિયાત તે પ્રશ્ન પર લીગે ફેરવી તોડ્યું–લીગે શ્વેતપત્રનો બહિષ્કાર કર્યો. સીધાં પગલાંની તૈયારી કરવા માંડી. સીધાં પગલાંના પરિણામે કલકત્તામાં હત્યાકાંડ. (સપ્ટે તા. ૨ ૧૯૪૬)

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડિત જવાહરલાલ નહેરૂના નેતૃત્વ તળે કોંગ્રેસે વચગાળાની સરકાર રચી. પ્રાંતોના વહિવટ પર તેમની કાંઇ સત્તા ન હોવાથી આ માનવ–હત્યાકાંડના તેઓ મૂંગા સાક્ષી બન્યા. કલકત્તાનાં છાંટા બિહારમાં ઊડ્યા. બિહારથી નોઆખલી વેવલે એક દુર્ભાગી પળે લીગરોને વચગાળાની સરકારમાં ઘુસાડી દીધા. વેવલ બરતરફ થયે. માઉન્ટ બેટન હિંદ આવ્યા. (જૂન ૩ ૧૯૪૭) યોજના બહાર પડી. હિંદના ભાગલા થયા. હિંદુસ્તાન અને પાકીસ્તાન.

પંજાબના ભાગલા પડયા. પંજાબમાં હત્યાકાંડ થયે. શિખ–હિંદુ–મુસલમાનના લોહી રેડાયાં. લાખો હિંદુઓએ હિજરત કરી. સિંધમાંથી, સરહદમાંથી હિંદુ નિરાશ્રિતો હિંદુસ્તાનમાં પાછા ફર્યા.

મહાત્માજીનું હૃદય દ્રવી ઊઠયું. હિંદમાંથી માનવતા પરવારી તેમ તેમને લાગ્યું. તે તો ઊપડયા કલકત્તા. ત્યાંથી ઊપડયા નોઆખલી. વીસમી સદીના આ યુદ્ધે લોકોને શાંતિનો મંત્ર આપ્યો. એના પગલે પગલે ચમત્કાર થયે. લોકો ગાંડપણ ભૂલી ગયા. લોકોની સાન ઠેકાણે આવી. નોઆખલીમાં શાંતિ સ્થાપી આવ્યા કલકત્તા. કલકત્તાનું કોમી વાતાવરણ ધૂંધવાતું લાગ્યું. મહાત્માજીએ ઉપવાસ કર્યા. લોકોને પોતાની ભૂલ સમજાઇ. આખું કલકત્તા ઉમટયું બાપુ પાસે. બાપુ અમને તમારા બાળકોને ક્ષમા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યો. અમને માર્ગભૂલેલાને સાચો રાહ દેખાડ્યો. કલકત્તામાં ચમત્કાર થયો. ૬૦૦૦ના લશ્કરથી જે ન થઇ શક્યું તે સુકલકડી માનવે આત્મબળથી કરી બતાવ્યું. કલકત્તાથી આવ્યા પાટનગર દિલ્હી. સ્ટેશન પર જુએ છે તો સરદારના મોં પર નૂર નથી. પરિસ્થિતિ સમજી ગયા. દિલ્હીમાં શાંતિનો મંત્ર સુણાવ્યો. લોકો હજુ જૂનું વેર ભૂલી નથી ગયા. બાપુએ શરૂ કર્યા ઉપવાસ. લોકોએ શાંતિ જાળવવાની બાંહેધરી આપી. બાપુએ ઉપવાસ છોડ્યા. થોડા જ દિવસમાં જન્યુ ૨૦ મીએ પ્રાર્થનામાં બોંબ ફેંકાયો. કાંઇ ન બન્યું હોય તેમ મહાત્માજીએ પ્રાર્થના ચાલુ રાખી. જન્યુ ૩૦ ૧૯૪૮ તે હતભાગી પળ. બાપુ પ્રાર્થનાના મંચ પર ચઢવા જાય છે. એક ગાંડો આદમી ગોળી છોડે છે—એક, બે, ત્રણ—બાપુ ઢળી પડે છે. બાપુનો આત્મા આ દેહ છોડી પરલોકે સિધાવે છે. લાખો હિંદીઓ ચોધાર આંસુ પાડે છે. સહુને લાગે છે કે આપણે આપણો સ્વજન ગુમાવ્યો. આજે બાપુની અહિંસાનાં ફળ આપણે ભોગવી રહ્યા છીએ. અને આપણો ભારત દેશ સ્વતંત્ર બન્યો છે ને દુનિયાને અહિંસા અને સત્યના પાઠ શીખવી લડાઇ ને હિંસા દૂર કરી વિશ્વશાંતિ સ્થાપવા આગેવાની લઇ રહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠક્કરનું નવું

ચિત્રમય બાલસાહિત્ય

ભેટ આપી શકાય તેવા કલામય બૉક્સમાં



ચરિત્ર રત્નો નાં બાલ ચરિત્રાનાં બે સેટ
પ્રગટ થઇ ગયા છે

☆

દરેક પુસ્તક ૬૪ પાના, ૧૨ ચિત્રો ને બાલ ચરિત્રો

: સેટ પહેલો :		: સેટ બીજો :	
૧ ચરિત્ર રત્નો	૦-૮-૦	૧ ગોપાળ કૃષ્ણ ગોખલે	૦-૮-૦
૨ ચરિત્ર પરિમલ	૦-૮-૦	૨ બાપુ	૦-૮-૦
૩ ચરિત્ર સુવાસ	૦-૮-૦	૩ પં. જવાહરલાલ નેહરૂ	૦-૮-૦
૪ હાસ્યઘેલાં	૦-૮-૦	૪ સરદાર વલ્લભભાઇ પટેલ	૦-૮-૦
૫ દાદાજીના ઉખાણા	૦-૮-૦	૫ લોકમાન્ય તીલક	૦-૮-૦

☆

એ ન. એ મ. ઠક્કર ની કં પ ની

બુકસેલર્સ : પબ્લિશર્સ : પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar